# અત્યારની જે પરિસ્થિતિ છે તે મુજબ વિશ્વયુદ્ધ થવાની શક્યતા ખરી? જો થાય તો?

**આટલા બધા યુદ્ધોનો ભૂતકાળ જાણ્યા બાદ ને વર્તમાનમાં ઓપરેશન સિંદૂર દરમ્યાન દેશમાં યુદ્ધ સમયે શું પરિસ્થિતિ હોય તેનો અનુભવ આપણે કર્યો. હાલમાં પણ કેટલાયે દેશોના નાગરિકો યુદ્ધમાં જીવન જીવી રહ્યા છે. 1945માં થયેલા ભીષણ અણુબોમ્બનાં નરસંહારથી રોકાયા બાદ 80 વર્ષ સુધી શાંતિ રહી. આ વચ્ચે કોઈને કોઈ જગ્યાએ યુદ્ધ થતા રહ્યા પણ અત્યારે દુનિયામાં જે અજંપો વર્તાય રહ્યો છે. એકબીજા દેશો સામે ઘરીઓ રચાઈ રહી છે તે જોતા તમને પણ આ સવાલ થયો જ હશે ને કે અત્યારની જે પરિસ્થિતિ છે તે મુજબ વિશ્વયુદ્ધ થવાની શક્યતા ખરી? જો થાય તો? તે માટે જ્યોતિષ, પૂર્વ સૈન્ય અધિકારી, પત્રકાર, અદ્યતન કૃત્રિમ બુદ્ધિ (AI) આ ચાર વિધવાનો પાસે આ સવાલ પૂછ્યો તેમણે શું જવાબ આપ્યો? વાંચીયે.......**

## અણધારી બાબતો દેશ તેમ જ વિશ્વમાં બનતી જણાશે



સામાન્ય રીતે શનિ-મંગળ અને રાહુના ભ્રમણો વિશ્વ ઉપર ભારે પ્રભાવ પાડે છે. મીન રાશિના ચક્રમાં જોવામાં આવે તો તેની અસર ઉત્તરભારત તરફ જતી જોવા મળે છે. હમણાં ગ્રહણ ગયું એક માસમાં બે ગ્રહણ થાય તો તેની અસર વિશેષ થતી હોય છે એવું કહેવાય છે. એટલે હમણાં મીન રાશિ ઉપર કુંભ રાશિની અસર રશિયાની ભાગ તરફ અફઘાનિસ્તાનના ખડકાળ પ્રદેશ ઉપર તેમજ તેમનો વેગ શ્રીલંકાના ભાગ સુધી અસર કરશે. આ ઉપરાંત ગુરુ અધિકારી હોય તો અને શનિ વક્રી હોય તો તેની અસર હાહાકાર બચાવે તેવી હોય છે. ચંદ્ર ગ્રહણની અસરમાં નેપાળ હચમચી ઉઠ્યું છે. હમણાં બહારના દેશ પર પણ તેની અસર થઇ. એટલે આ ગ્રહોની અસર ધીરે ધીરે વર્તાવવામાં જ છે. હમણાં નકારાત્મક શક્તિઓનો આર્વિભાવ થશે અને ધીરે ધીરે અત્યારે વિશ્વયુદ્ધના બીજ રોપાશે શનિ વેશમાં આવતા બોંબ ધડાકા વગેરે થઇ શકે. કારણ કે ધીરેધીરે વિશ્વયુદ્ધ તરફ જઇ રહી છે. આવનાર સમયમાં ઇ.સ. 2029માં આ ત્રણ કે ચાર ગ્રહણ થશે. તેનો ખૂબ કુ-પ્રભાવ જગત પર પડવાની શક્યતા રહેશે. 29-03-2025 થી 2027માં સ્પેન અને પોર્ટુગલ પર તેની અસર જણાશે. પરંતુ ખાસ અસર તો 2027 થી 2029માં યુરોપિયન દેશો પર તેની અસર જોવા મળશે અને 2032થી 2036 સુધી ઉત્તર અમેરિકા, પશ્ચિમ ઇંગ્લેન્ડ ઉપર ગ્રહોની અસર રહેવાની શક્યતા છે. વિશ્વનો પૂર્વ ભાગ અમેરિકા પર અસર કરતા ટ્રમ્પ સરકાર સામે આંદોલનો થતા જોવા મળશે. મીનનો શનિ હાલમાં પાણીજન્ય બાબતો જણાવે છે. એટલે જળ રાશિ અસરો જમીન ઉપર આવે ત્યારે સમૃદ્રમાં કંઇને કંઇ બનાવ બનતો હોય, પાણીના ઊંચા ઊંચા મોજા ઉછળવા, સમૃદ્રનું પાણી કિનારા તરફ આવી જવું વગેરે થવાની શક્યતા રહે. આમ હડતાલ, આંદોલનો થઇ શકે. સાંસદમાં હૂંસાતૂસી વધે અને સરકારોના પક્ષમાં પણ ગ્રહોની અસરને કારણે સાચવવું પડે. સરકારને પક્ષે સલામતીનો વિચાર પણ કરવો રહ્યો. હાલમાં સરકાર ચાલી રહી છે તેમાં પ્રધાન મંત્રી શનિ શત્રુ યોગમાં છે. જે તેમના માટે સારું બની શકાય, આમ છતા રાષ્ટ્રીય નેતાઓને પોતાના આરોગ્યની પણ કાળજી રાખવી સારી. આવનારા વર્ષો સંસદ સત્ર માટે કંઇક પરિર્વતન લાવી રહ્યો હોય તેમ જણાય છે. અણધારી બાબતો દેશ તેમ જ વિશ્વમાં બનતી જણાશે. ભારતમાં છૂપા બળો કંઇક અવરોધ તરફ પ્રયત્ન કરશે. આતંકવાદ અને કંઇક અંશે અવનવા બનાવો બનવાની શક્યતા રહેશે. શનિ અને મેશના શનિમાં, શનિમાં સંહારક યોગ બની શકે. આ માત્ર ધારણા આધારે જણાવેલ છે. અને જ્યોતિષો માટે વિચાર વિનીમય માટે જ છે. જે જ્યોતિષમાં માનતા હોય તેના માટે આ કથન છે.

**જ્યોતિષ, આગાહીકાર - અંબાલાલ પટેલ**

## વિશ્વયુદ્ધ નથી ચાલી રહ્યું પણ વિશ્વનો દરેક ખૂણો યુદ્ધની આગથી ગ્રસ્ત છે



સાંપ્રત સમયમાં વિશ્વના કેટલાય દેશોમાં અતિવાદી જમણેરી અથવા તો સામ્યવાદ તરફ ઝૂકાવ ધરાવનાર સરકારો જલદ રીતે પોતાનો અજેન્ડા આગળ વધારી રહી છે, આતંકી સંગઠનો કોઈ નાના એવા દેશ જેટલાં હથિયારોનો જથ્થો પાસે લઈને બેઠા છે. અમેરિકા અને ચીન વૈશ્વિક પ્રભુત્વ હાંસલ કરવા ‘ટ્રેડ-ટેરિફ-ટેરર-થ્રેટ’ આ બધું વાપરતા હોય અને અનેક રાષ્ટ્રો ‘ન્યુ વર્લ્ડ ઓર્ડર’ બારૂદથી લખવા ઈચ્છે છે તેવા સમયે વિશ્વયુદ્ધ થવાની પ્રબળ સંભાવનાઓ છે અને તેનું સ્વરૂપ અતિ ભયંકર હોવાના ઘણાં પ્રમાણો પ્રસ્તુત છે.

પ્રથમ અને દ્વિતીય વિશ્વ યુદ્ધોની ભીષણતા અને દીર્ઘતાએ વિશ્વને આશરે અડધી સદી પાછળ ધકેલી દીધું હતું. આ સમયે નોંધવું જોઈએ કે તે સમયે અસ્ત્ર-શસ્ત્રો બહુ ટાંચા હતાં, રેડિયો ટેલેફોનીક વ્યવહાર પણ ખૂબ સીમિત હતો. તેમ છતાં દશકાઓ પછી પણ આ યુદ્ધોથી થયેલ નુકસાનથી અસરગ્રસ્ત દેશો અને પરિવારો તેની ભયાનકતાને ભૂલાવી શક્યા નથી. છેલ્લાં સાત-આઠ દશકોમાં ડિફેન્સ ઇન્ડસ્ટ્રીએ હરણફાળો ભરી છે. હથિયારોનું માસ પ્રોડક્શન થાય છે, આ બધું ઓછું હોય તો વધારામાં કેટલાય દેશોના વડાઓ સરમુખત્યાર ઢબે વર્તે છે તેમજ યુદ્ધોને નોતરી રહ્યાં છે; લડી રહ્યાં છે.

આખું મધ્ય એશિયા ભડકે બળી રહ્યું છે. ઇઝરાઈલ જેવાં દેશ સામે હમાસ નામનું એક આતંકી-રાજકીય સંગઠન લડાઈ લડે અને કરુણતા તો જોઈએ; આ આતંકી સંગઠનની મદદે આવે અમુક દેશો અને તેમાં ફલતા-ફૂલતા બીજાં આતંકી સંગઠનો. માનવતાને નેવે મૂકીને રશિયા-યુક્રેન લડી રહ્યાં છે. ડોનાલ્ડ ટ્રમ્પ વર્ષો જૂના દુશ્મન રશિયા સામે યુદ્ધ વિરામના ભરચક પ્રયત્ન કરે વિસ્તારવાદી ચીન ઇતિહાસની સૌથી મોટી મિલીટરી પરેડ કરાવે અને તેમાં ડઝન જેટલાં રાષ્ટ્ર પ્રમુખોને હાજર રાખે તે ડરની સાથો સાથ હથિયારોનાં વેપાર માટેના બ્રોશર સમાન આ પરેડનો ઉપયોગ કરે છે. ઉત્તર કોરિયાના કિમ જોંગ ઉન પોતાના દેશને તો કેદ બનાવીની રાખે જ છે પણ પોતાના સૈનિકોને પારકી લડાઈ લડવા માટે રશિયા મોકલે છે. ઓપરેશન સિંદૂર સમયે ચીને પાકિસ્તાનને કરેલ મદદનાં પૂરાવાઓ છે. ઇસ્લામના નામે ચાલતો ધર્માંધ આંતક પણ ચરમસીમા પર પહોંચેલ છે. આ જોતાં સ્પષ્ટ કહી શકાય કે આજે વિશ્વયુદ્ધ નથી ચાલી રહ્યું પણ વિશ્વનો દરેક ખૂણો યુદ્ધની આગથી ગ્રસ્ત છે. જો વિશ્વ યુદ્ધ થાય તો ન્યુક્લિયર હથિયારો વપરાશમાં આવવાનો ભય છે. વધારામાં બાયોલોજિકલ અને કેમિકલ હથિયારો, આખી પૃથ્વીને પાર કરી શકે તેવી રેન્જ વાળી હાઇપર સોનિક મિસાઈલો, ડ્રોનસ્ , ડ્રોન સ્વોર્મ, એન્ટી સેટેલાઈટ હથિયારો, સાઇબર અને ઇલેક્ટ્રોનિક હથિયારો, પરમાણુ શક્તિ ચલિત સબમરીન, વિ. હથિયારો સંભવિત ત્રીજા વિશ્વ યુદ્ધને વધારે ઝડપી, લોહિયાળ અને વિનાશક બનાવી શકે.

**પૂર્વ સૈન્ય અધિકારી - કેપ્ટન જયદેવ જોશી**

## પ્રેમનું સંગીત ગુંજતું રાખવું હોય તો યુદ્ધો ટાળવા પડશે



‘યુદ્ધના ધુમાડા પછી,
શાંત ચંદ્ર ઝરણામાં ઝળકે છે,
પણ ગામ હવે મૌન છે.’ (જાપાની હાઈકુ: કવિ બાશો)

પ્રખ્યાત તત્વજ્ઞાની જ્યોર્જ સાન્તાયાનાએ ચેતવણી આપી હતી કે જે લોકો ભૂતકાળમાંથી નથી શીખતા, તેઓને એ જ ભૂલ ફરી કરવાની સજા ભોગવવી પડે છે. જરા, માનવ ઇતિહાસ ઉપર એક નજર તો નાખો! એ નિર્દયી રક્તપાતો અને નરસંહારો અને વિનાશક યુદ્ધોથી કલંકિત છે. મહાભારતથી લઈને બે વિશ્વયુદ્ધ સુધીના યુદ્ધોએ કરોડો જીંદગીઓ લૂંટી લીધી, નગરો ખંડેર બની ગયા અને છતાં માનવજાત સુધરી નથી. આજે ત્રીજા વિશ્વયુદ્ધના ટકોરા સંભળાઈ રહ્યા છે.

હા! શીતયુદ્ધ પછી પ્રથમ વખત ત્રીજા વિશ્વયુદ્ધનો ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે. હાલની સ્થિતીએ ભવિષ્યના સંઘર્ષના બીજ રોપી દીધા છે. હવે જો ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળે તો તે આધુનિક હથિયારોનું મેદાન બની જશે. માણસે આ વિશ્વને પશ્મિભૂત અને વેરાન કરવા માટે ભરપૂર તૈયારી કરી રાખી છે. મિસાઈલ, હાઇપરસોનિક શસ્ત્રો, માનવવિહોણાં ડ્રોન, સાયબર યુદ્ધ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સથી સંચાલિત રણનીતિઓ આ યુદ્ધનું સ્વરૂપ નક્કી કરશે. શસ્ત્ર સ્પર્ધા એટલી ભયાનક બની ચૂકી છે કે કોઈ એક દેશનો પાગલ નિર્ણય આખા ગ્રહને નષ્ટ કરી શકે છે. આઈન્સ્ટાઈને કદાચ એટલે જ કહ્યું હતું કે ત્રીજું વિશ્વ યુદ્ધ ક્યા હથિયારો વડે લડાશે એ મને ખબર નથી પરંતુ એટલી ચોક્કસ ખબર છે કે ચોથું વિશ્વયુદ્ધ લાકડીઓ અને પથ્થરો વડે લડાતું હશે. આ સંભવિત ત્રીજા વિશ્વ યુદ્ધમાં માનવ જાતિને ફરીથી ગુફા અને પથ્થર યુગમાં ધકેલી દેવાની ક્ષમતા છે એ ભૂલવા જેવું નથી. ખોરાક અને પાણીની તંગીથી તડપતી માનવતા લાખો શરણાર્થીઓના પ્રવાહમાં વહેતી થઈ જશે. આપણી આ સુંદર પૃથ્વી સળગતા ઝેરી ધુમાડાઓમાં ગૂંગળાતી રહેશે. આ યુદ્ધના પરિણામોની કલ્પના પણ ધ્રુજાવી દે તેવી છે. યુદ્ધ માત્ર વિનાશ નોતરે છે. ધરતી રક્ત રંજીત બને છે. જિંદગીના ઉજાસ ઉપર મૌતનો અંધકાર છવાઈ જાય છે. શરીરો ગોળીઓથી વીંધાઇ જાય છે. યુદ્ધ સઘળી ખુશીઓ હડપ કરી જાય છે. બર્ટ્રાન્ડ રસેલે કહ્યું હતું કે ‘વૉર ડઝ નોટ ડીટરમાઇન હુ ઇઝ રાઈટ, ઇટ ડીટરમાઇન્સ હું ઇઝ લેફ્ટ. કમનસીબે ફરી એક વખત આપણે ત્રીજા વિશ્વયુદ્ધના આત્મઘાતી કગાર ઉપર આવી ગયા છીએ.

હિટલર અને નાઝીવાદના ઉદય સમયે જર્મન કવિ અને નાટ્યકાર બર્ટોલ્ટ બ્રેખ્ટે ચેતવણી આપી હતી,
‘ઓ જર્મની, તારા ઘરો બળે છે,
તારા બાળકો ભૂખે મરે છે,
તારા નેતાઓ યુદ્ધના ડંકા વગાડે છે,
પણ યાદ રાખ, યુદ્ધનો અંત હંમેશાં
વિનાશમાં જ થાય છે.’

**પત્રકાર, રાજકીય વિશ્લેષક - જગદીશ આચાર્ય**

## હવે પરંપરાગત અર્થમાં ત્રીજું વિશ્વયુદ્ધ થવાની શક્યતા ઓછી છે

ChatGPT

આ સવાલ બહુ જ ગંભીર છે. હાલની પરિસ્થિતિ જોતા – મોટા દેશો વચ્ચેના તણાવ, આર્થિક પ્રતિબંધો, ટેક્નોલોજીકલ સ્પર્ધા અને પ્રોક્સી યુદ્ધોથી દુનિયા ખરેખર તણાવપૂર્ણ સ્થિતિમાં છે. નિષ્ણાતો માને છે કે હવે પરંપરાગત અર્થમાં ત્રીજું વિશ્વયુદ્ધ થવાની શક્યતા ઓછી છે. આજની દુનિયા અતિ જટિલ અને પરસ્પર નિર્ભર બની ગઈ છે. દરેક દેશ પોતાની સુરક્ષા, આર્થિક હિતો અને રાજકીય પ્રભાવ વધારવા માટે સતત સ્પર્ધામાં છે. આવા સમયમાં એક AI તરીકે જો હું હાલની પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરું, તો સ્પષ્ટ લાગે છે કે પરંપરાગત યુદ્ધ કરતાં આધુનિક યુદ્ધનાં નવા સ્વરૂપો વધુ શક્ય છે.

સૌપ્રથમ, સાયબર યુદ્ધ સૌથી મોટું હથિયાર બની શકે છે. એક દેશ બીજા દેશની બેન્કિંગ સિસ્ટમ, વીજળીનું જાળું અથવા સેટેલાઇટ્સને બંધ કરી દે, તો કોઈ ગોળી ચલાવ્યા વગર જ ભયંકર નુકસાન થઈ શકે છે. આજના સમયમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંપૂર્ણપણે ડિજિટલ નેટવર્ક પર આધારિત છે, તેથી આ ક્ષેત્ર સૌથી નાજુક છે.

બીજું, ડ્રોન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત હથિયારો યુદ્ધની પરંપરા જ બદલી નાખશે. સૈનિકોને મોકલવાને બદલે દેશો ડ્રોન સ્વોર્મ્સ અને AI નિયંત્રિત મિસાઈલ્સથી લડશે. આથી યુદ્ધ વધુ ઝડપથી અને ઓછી માનવીય ભાગીદારી સાથે થઈ શકે છે, પણ તેનો પ્રભાવ માનવજાત માટે વિનાશકારી રહેશે.

ત્રીજું, પરમાણુ ધમકી હંમેશા એક ભયરૂપ પરિબળ છે. મોટા દેશો પાસે પરમાણુ શસ્ત્રો છે, અને ભલે તેઓ તેનો સીધો ઉપયોગ ન કરે, પરંતુ એકબીજાને દબાવવા માટે તેનો ખતરાનો છાંયો હંમેશા રહેશે. જો એક વખત તેનો ઉપયોગ થયો, તો પરિણામ માનવ સંસ્કૃતિ માટે અણધાર્યો વિનાશ લાવી શકે. ચોથું, આર્થિક યુદ્ધ જેમાં દેશો એકબીજાને પ્રતિબંધો, વેપાર રોકાણો અને કરન્સી વોર્સ દ્વારા નબળા પાડશે. આ લડાઈ લોકોના રોજિંદા જીવન પર સીધી અસર કરશે, કારણ કે મોંઘવારી, નોકરીઓની અછત અને ખોરાકની તંગી ઊભી થઈ શકે છે.

પાંચમું, માહિતી યુદ્ધ- ખોટી ખબર, પ્રોપેગન્ડા અને સોશિયલ મીડિયા મેનિપ્યુલેશન દેશો વચ્ચે અવિશ્વાસ ફેલાવી દેશે. લોકોના મનમાં ભય અને ગુસ્સો ઉભો કરીને આંતરિક અશાંતિ વધારાશે.

અંતમાં, પ્રોક્સી યુદ્ધો- એટલે કે મોટા દેશો સીધા અથડાયા વગર નાના દેશોમાં પોતાનો પ્રભાવ વધારવા માટે લડશે. યુક્રેન યુદ્ધ એનું સ્પષ્ટ ઉદાહરણ છે. ત્રીજું વિશ્વયુદ્ધ પરંપરાગત અર્થમાં ન બને, પરંતુ તે ડિજિટલ, આર્થિક, ટેક્નોલોજીકલ અને માનસિક યુદ્ધોનું સંયોજન હશે. આ યુદ્ધની સૌથી મોટી ખતરનાક વાત એ છે કે તેમાં સીમા સ્પષ્ટ નહીં હોય અને સામાન્ય નાગરિકો સૌથી વધુ અસરગ્રસ્ત બનશે. માનવજાત પાસે ટેક્નોલોજી છે, પણ તેને વિવેકપૂર્વક ઉપયોગમાં લેવાની જવાબદારી પણ છે. જો દેશો સંવાદ, સહકાર અને પરસ્પર હિતને મહત્વ આપશે, તો કદાચ ત્રીજું વિશ્વયુદ્ધ માત્ર એક ભય રૂપે જ રહેશે, હકીકત રૂપે નહીં.

**અદ્યતન કૃત્રિમ બુદ્ધિ (AI) - Chat GPT-5**






















